<u>ખંભાળીયાના મે.એડી.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં. મુકામ–ખંભાળીયા</u>

***ફરીયાદી*** :– શ્રી સરકાર.

**<u>વિરૂધ્ધ</u>**

***આરોપી*** :– **અમરાભાઈ વીરાભાઈ પરમાર,**
રહે.મુ.સોડસલા ગામ,
તા.ખંભાળીયા.જી. દેવભુમી દ્વારકા.

---

બચાવપક્ષ તરફે વિ.વકીલશ્રી.ડી.વી.સાયાણી

---

**<u>:: આંક–૦૧ નીચે હુકમ ::</u>**

---

(૧) ફરિયાદપક્ષના કેસની તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ગુજરાત પ્રોહીબીશન એકટ–૧૯૪૯ તથા સુધારો–૨૦૧૬ની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ કરેલ અને આરોપી હાજર થતાં પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે મળ્યાની ખાત્રી કરી પ્લી રેકર્ડ કરતાં આરોપીને ગુન્હા કબુલવા કરવા બાબતે પુછતા આરોપીએ સ્વૈચ્છિક રીતે રાજીખુશીથી ગુન્હાની કબુલાત કરેલ તેમજ અલગ કબુલાત પુરસીસ પણ આપીને તેમને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા માટે પોતાને પુરતા અને વ્યાજબી કારણ હોવાનું જણાવે છે. આરોપી ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા છતા અને સમજાવવા છતાં પણ સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરતાં હોય, કબુલાત પુરસીસ દાખલ કરવામાં આવી.

(૨) આરોપી સામે ગુજરાત પ્રોહીબીશન એકટ–૧૯૪૯ તથા સુધારો–૨૦૧૬ની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુન્હાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧), જી.એલ.આર., ૭૦૯, સ્ટેટઓફ ગુજરાત વિરૂધ્ધ **નટવર હરજીભાઈ ઠાકોરના** કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે, જો પુરતા અને વાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ

જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદરૂપ થતો હોય તેમ જણાય છે. આરોપીની સ્થિતિ અને સં જોગોને ધ્યાને લઈ જો ઓછી સજા અને દંડ કરવામાં આવે તો સમાજમાં માનભર્યા સ્થાનથી જીવી શકે તેવા પ્રયત્નો કરી શકે તેમ છે, તે સંજોગોમાં ઓછામાં ઓછી સજા અને દંડ કરવો ન્યાયોચિત માની કાયદાએ સૂચવેલ ન્યૂનતમ સજા કરતા ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**-:: હુ ક મ ::-**

આરોપી-**અમરાભાઈ વીરાભાઈ પરમાર,** રહે.મુ.સોડસલા ગામ, તા.ખંભાળીયા. જી. દેવભુમી દ્વારકાનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૨૭૫ અન્વયે ગુજરાત પ્રોહીબીશન એકટ-૧૯૪૯ તથા સુધારો-૨૦૧૬ની કલમ-૬૬(૧)(બી) મુજબના ગુન્હામાં તકસીરવાર ઠરાવી રૂ.૧૫૦/-(અંકે રૂપીયા એકસો પચાસ પુરા) નો દં ડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

જો આરોપી ઉપરોકત ગુનામાં દંડ ન ભરે તો દિન-૦૧ (એક) લેખે સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

આજરોજ તા.૧૪, માહે-માર્ચ, સને ૨૦૨૬, ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૧૪-૦૩-૨૦૨૬
સ્થળ : ખંભાળીયા.

( ધ્રુવરાજસિંહ બી. ચૌહાન )
એડી.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
મુ.ખંભાળીયા. જી.દેવભુમી દવારકા,
જી.જે.૦૧૭૩૨.